# બિહારમાં મહાબોધી મંદિર ૯ ધડાકાથી હચમચી ઉઠ્યું

ગયા,તા.૭

બિહારમાં ગયા જિલ્લાના બોધગયા સ્થિત મહાબોધી મંદિરની નજીક અને આસપાસના વિસ્તારોમાં આજે વહેલી પરોઢે એક પછી એક નવ બોમ્બ બ્લાસ્ટ થતાં સમગ્ર દેશમાં ખળભળાટ



મચી ગયો હતો. આ સિરિયલ બ્લાસ્ટમાં પાંચ બૌદ્ધ શ્રદ્ધાળુને ઈજા થઈ છે. ગૃહમંત્રાલયે પણ બ્લાસ્ટને સમર્થન આપ્યું છે અને કુલ નવ બ્લાસ્ટ થયા છે. ગયા પોલીસના જણાવ્યા મુજબ ૫.૩૦ વાગ્યાથી છ વચ્ચેના ગાળામાં આ તમામ બ્લાસ્ટ થયા હતા. ચાર બ્લાસ્ટ મહાબોદી મંદિર સંકુલની અંદર થયા હતા. જ્યારે ત્રણ કરમાપામાં થયા હતા. એક એક બ્લાસ્ટ ૮૦ ફૂટની બુદ્ધની પ્રતિમા અને અન્ય એક બ્લાસ્ટ બસ સ્ટેન્ડ નજીક થયો હતો. મગધના પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે સવારે આશરે સવા પાંચ વાગે આ બ્લાસ્ટની શરૂઆત થઈ હતી જે પૈકી ચાર બ્લાસ્ટ મહાબૌધી મંદિરની નજીક થયા હતાજ્યારે તેરેગા મઠની નજીક થયા હતા. જ્યારે અન્ય એક બ્લાસ્ટ ભગવાન બુદ્ધની ૮૦ ફૂટ ઊંચી મૂર્તિની નજીક થયો હતો. પોલીસ અધિકારીએ કહ્યું છે કે મંદિરના ગર્ભગૃહને કોઈપણ નુકસાન થયું નથી. ઘાયલ થયેલા બંને લોકોને સારવાર માટે મગધ મેડીકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે મંદિરના ગર્ભગૃહને કોઈ નુકસાન ન થતાં રાહત થઈ છે. બે બોમ્બ જીવીત મળી આવ્યા હોવાની પણ માહિતી મળી છે. આ બોમ્બને નિષ્ક્રિય કરવા માટે બોમ્બ નિરોધક ટુકડીને તરત જ બોલાવી લેવામાં આવી હતી. મંદિર સંકુલને સંપૂર્ણપણે ખાલી કરીને ઊંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. મંદિરને સુરક્ષાદળોએ ચારે બાજુથી ઘેરી લઈને તપાસ હાથ ધરી હતી. પટનાની ફોરેન્સિક ટીમ પણ બોધગયા પહોંચી ગઈ છે. સૂત્રોએ કહ્યું છે કે આ બ્લાસ્ટનો હેતુ મંદિર અને બૌધી વૃક્ષનો ટાર્ગેટ બનાવવાનો હતો. ભગવાન બુદ્ધને અહીં જ મહાજ્ઞાન પ્રાપ્ત થયું હતું. આ બ્લાસ્ટ મંદિરની અંદર સવારે ૫.૨૫ મિનિટે થયો હતો. ત્યારબાદ બે-બે મિનિટના ગાળામાં વધુ આઠ બ્લાસ્ટ થયા હતા. પ્રથમ બ્લાસ્ટ એ વૃક્ષની નજીક થયો હતો જેની નીચે બેસીને ભગવાન બુદ્ધને જ્ઞાન મળ્યું હતું. બૌધી વૃક્ષની નજીક પ્રથમ બ્લાસ્ટ ત્યારબાદ એમ્પ્યુલન્સની ટાંકી પાસે બીજો બ્લાસ્ટ, મુખ્ય મંદિરની નજીક ત્રીજો બ્લાસ્ટ, તારાદેવી મંદિરમાં ચોથી બ્લાસ્ટ, કરમાપા મંદિરમાં પાંચમો બ્લાસ્ટ થયો હતો. વૃક્ષને બ્લાસ્ટમાં નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. મંદિરમાં બ્લાસ્ટ થયા ત્યારે હજારો શ્રદ્ધાળુ પ્રાર્થના કરી રહ્યા હતા પરંત હજુ સુધી બે ઘાયલ થયા હોવાની માહિતી મળી છે. આ બે શ્રદ્ધાળુમાં તિબેટ અને એક મ્યાનમારના શ્રદ્ધાળુનો સમાવેશ થાય છે.

## ૯ બ્લાસ્ટ બાદ ભારતમાં એલર્ટની જાહેરાત કરાઈ

ગયા,તા. ૭

બિહારમાં ગયા જિલ્લાના બોધગયા સ્થિત મહાબોધી મંદિરની આસપાસ આજે વહેલી પરોઢે બ્લાસ્ટ થયા બાદ સમગ્ર બિહારની સાથે સાથે દેશના મોટા શહેરોમાં પણ એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. બિહારમાં રેડ એલર્ટની જાહેરાત કરી દીધા બાદ સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા છે. બિહાર ઉપરાંત મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન જેવા શહેરોમાં એલર્ટની જાહેર કરી દેવામાં આવી છે. સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા બાદ આજે વહેલી સવારે બિહારના મુખ્યમંત્રી નિતીશ કુમાર અને અન્ય તમામ અધિકારીની એક તાકિદની બેઠક યોજાઈ હતી. આ સમગ્ર મામલાને ખૂબ જ ગંભીરતાપૂર્વક લેવામાં આવ્યો છે. પટનાથી સીઆરપીએફની ટુંકડી પણ રવાના કરી દેવામાં આવી છે. નિતીશકુમાર પોતે બોધગયા પહોંચ્યા હતા. નિતીશકુમારની સાથે ડીજીપી અને ગૃહસચિવ પણ છે. તમામ લોકો માર્ગ મારફતે બોધગયા રવાના થયા બાદ અઢી કલાક પછી પહોંચ્યા હતા. આઈબીએ આ બ્લાસ્ટ અંગે અગાઉ માહિતી આપી હોવાનું જાણવા મળ્યું છે. ગયાના સાંસદ હરિ માનજીએ કહ્યું છે કે દિલ્હીમાં થોડાક દિવસ પહેલા જ એક આતંકવાદી પકડાયો હતો. આ આતંકવાદીએ પૂછપરછ દરમિયાન કબૂલાત કરી હતી કે મહાબોધી મંદિર પણ ત્રાસવાદીઓના હિટ લિસ્ટમાં છે. અગાઉની આઈબીની ચેતવણી છતાં બિહાર સરકારે ધ્યાન આપ્યું ન હતું. મંદિરની સુરક્ષાવધારવામાં આવી ન હતી. એમ માનવામાં આવે છે કે ગુપ્તચર સંસ્થાઓએ ત્રણ વખત એલર્ટની જાહેરાત કરી હતી. એમ માનવામાં આવે છે કે ઘણા સમયથી આ મંદિર આતંકવાદીઓના હિટ લિસ્ટમાં હતું. હજુ સુધી આ હુમલાની જવાબદારી કોઈ પણ આતંકવાદી સંગઠને સ્વીકારી નથી. આજે સવારે બ્લાસ્ટ બાદ દિલ્હી, મુંબઈ, કોલકાતા, અમદાવાદ સહિતના તમામ મોટા શહેરમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી.

### ક્યાં ક્યાં બ્લાસ્ટ થયા

ગયા,તા. ૭

બિહારના ગયા જિલ્લામાં બોધગયા સ્થિત મહાબોધી મંદિરને ટાર્ગેટ બનાવીને આજે સવારે એક પછી એક બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. ક્યાં ક્યાં બ્લાસ્ટ થયા તે નીચે મુજબ છે.

- ૫.૨૫ વાગે ભગવાન બુદ્ધને જ્યાં જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે વૃક્ષ નજીક પ્રથમ બ્લાસ્ટ થયો
- ૫.૨૭ વાગે એમ્બ્યુલન્સની ટાંકી નજીક બીજો બ્લાસ્ટ
- ૫.૨૯ વાગે મુખ્ય મંદિરની નજીક ત્રીજો બ્લાસ્ટ થયો
- ૫.૩૧ વાગે તારાદેવી મંદિરમાં ચોથો બ્લાસ્ટ થયો
- ૫.૩૩ વાગે કરમાપા મંદિર નજીક પાંચમો બ્લાસ્ટ થયો
- ૫.૩૫ વાગે ભગવાન બુદ્ધની મૂર્તિની નજીક છઠ્ઠો બ્લાસ્ટ થયો
- ૫.૩૭ વાગે અન્ય ત્રણ બ્લાસ્ટ આસપાસના વિસ્તારમાં થયા

## સંસદનું મોનસુન સત્ર ૧૫ ઓગસ્ટ બાદ શરૂ થઈ શકે

નવી દિલ્હી,તા. ૭

સંસદનું મોનસુન સત્ર ૧૫મી ઓગસ્ટથી શરૂ થાય તેવી શક્યતા છે. ખાદ્યાન સુરક્ષા બિલ અંગે વટહુકમ લાવવામાં આવ્યા બાદ હવે મોનસુન સત્ર શરૂ થવાની શક્યતા છે. સરકારી સુત્રોએ માહિતી આપતાં કહ્યું છે કે, હજુ સુધી કોઈ સત્તાવાર નિર્ણય કરવામાં આવ્યો નથી. પરંતુ ૧૫મી ઓગસ્ટથી મોનસુન સત્ર બોલાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. સામાન્ય રીતે મોનસુન સત્ર જુલાઈના ત્રીજા સપ્તાહમાં શરૂ થાય છે અને મહિના સુધી મોનસુન સત્ર ચાલે છે. ખાદ્યાન સુરક્ષા અંગે વટહુકમ લાવવામાં આવ્યા બાદ ખાસ સત્ર બોલાવવાની હવે કોઈ યોજના દેખાઈ રહી નથી. આ અગાઉ સરકારમાં કેટલાક વર્ગના લોકોની એવી ઈચ્છા હતી કે, ખાદ્યાન સુરક્ષા બિલને પસાર કરવા માટે ખાસ સત્ર બોલાવવામાં આવે તે જરૂરી છે. સરકારે મોનસુન સત્ર દરમિયાન ભૂમિ અધિગ્રહણ બિલ, વિમા બિલ, પેનશન બિલ, કંપની બિલ અને પ્રત્યક્ષ કરવેરા આચાર સંહિતા સંબંધિત બિલનો સમાવેશ થાય છે. કોંગ્રેસનો વિરોધ પક્ષ પર આક્ષેપ છે કે, ખાદ્યાન સુરક્ષા બિલને પસાર ન થવા દેવા માટે ભાજપે યોજના ઘડી કાઢી હતી. બજેટ સત્ર દરમિયાન જુદા-જુદા મુદ્દાઓને લઈને સંસદની કામગિરી સતત ખોરવી નાંખવામાં આવી હતી. આ વર્ષના અંતમાં ચાર રાજ્યોમાં ચુંટણી યોજાનાર છે. બજેટ સત્ર દરમિયાન ભારે ધાંધલ ધમાલ થઈ હતી. આ વર્ષના અંતમાં ચાર રાજ્યોમાં વિધાનસભાની ચુંટણી પણ યોજાનાર છે. આવી સ્થિતિમાં મોનસુન સત્ર વહેલી તકે પૂર્ણ થાય તેમ રાજકીય પક્ષો ઈચ્છે છે.

## શ્રદ્ધાળુમાં દહેશત ફેલાવવા બ્લાસ્ટ થયા : નિતિશ કુમાર

બોધગયા,તા. ૭

બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમારે પણ સિરીયલ બ્લાસ્ટ થયા બાદ ટોચના અધિકારિઓ સાથે આજે સવારે તાકીદની બેઠક યોજી હતી અને ઉભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ નિતિશ કુમાર બોધગયા માટે રવાના થઈ ગયા હતા. નિતિશ કુમારે કહ્યું હતું કે, વિશ્વ પ્રસિદ્ધ બૌદ્ધ ધાર્મિક સ્થળ ઉપર સિરીયલ બ્લાસ્ટ શ્રદ્ધાળુઓની અંદર દહેશત ફેલાવવા અને સમાજને વિભાજીત કરવાના હેતુસર કરવામાં આવ્યો છે. તેમણે એવા અહેવાલને રદીયો આપ્યો હતો કે, કોઈ સુરક્ષા ખામી રહી ગઈ છે. નિતિશ કુમારે વિશ્વ પ્રસિદ્ધ મહાબોધી મંદિરના રક્ષણ માટે સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ



સિક્યોરિટી ફોર્સની ગોઠવણીની પણ માંગ કરી હતી.નિતિશ કુમારે એમપણ કહ્યું હતું કે, સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે. આ બ્લાસ્ટના મામલામાં નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા તપાસ કરવામાં આવશે અને વહેલી તકે જરૂરી સૂચન કરવામાં આવશે. નિતિશ કુમારનુંએમ પણ કહેવું છે કે, કોઈપણ પ્રકારની સુરક્ષા ખામી



રહી નથી. શ્રદ્ધાળુઓમાં ભય ફેલાવવા આ કૃત્ય ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવ્યું છે.

વિરોધ પક્ષોની ટિકાટિપ્પણીનો સામનો કરી રહેલા નિતિશ કુમારે બચવાના ઘણાં પ્રયાસો કર્યા હતા. નિતિશ કુમાર બ્લાસ્ટ થયા બાદ ટૂંકા ગાળામાં જ બોધગયા પહોંચી ગયા હતા.

## બ્લાસ્ટ પૂર્વે બિહાર સરકારને સુચના અપાઈ હતી : રિપોર્ટ

**થોડાક સમય પહેલા ઝડપાયેલા ત્રાસવાદીએ મહાબોધી મંદિરની રેકી કરી હતી અને વિડીયો ક્લીપ બનાવી હતી**

બોધગયા,તા. ૭

બિહારને બોધગયામાં થયેલા ત્રાસવાદી હુમલા અંગે સુરક્ષા સંસ્થાઓએ પહેલાથી જ ચેતવણી આપી હતી. એકબાજુ સુરક્ષા સંસ્થાઓની ખામી ઉપર પ્રશ્નો થઈ રહ્યા છે ત્યારે અગાઉ ઝડપાયેલા એક આતંકવાદી મકબુલે એનઆઈએને પૂછપરછ દરમિયાન કહ્યું હતું કે, બોધગયા મંદિર ઉપર આતંકવાદી હુમલો થઈ શકે છે અને આ મહત્વપૂર્ણ માહિતી એનઆઈએ દ્વારા બિહાર સરકારને આપવામાં આવી હતી.

આટલું જ નહીં આઈબી દ્વારા એક સપ્તાહ પહેલાં જ એલર્ટની જાહેરાત કરીને આ સંબંધમાં સરકારને સાવધાર રહેવા કહ્યું હતું. મકબુલે કબુલાત પણ કરી હતી કે,બોધગયામાં મહાબોધી મંદિરની તે રેકી કરી ચુક્યો છે. આ શખ્સે મંદિરની વિડીયો ક્લીપ પણ બનાવી હતી. બોધગયામાં હુમલા સાથે સંબંધિત માહિતી ૨૬મી જુનના દિવસે આપી દેવામાં આવી હતી. પરંતુ સરકારે બેદરકારી દાખવી હતી જેના લીધે આજે સવારે બ્લાસ્ટ થયા હતા. બ્લાસ્ટના મામલામાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. તમામ જરૂરી પગલા લેવામાં આવી રહ્યાં છે.

## અમેરિકામાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતા ૧૮૦ ઘાયલ : ૨નાં મોત

વોશિંગટન,તા. ૭

અમેરિકાના સેનફ્રાંસિસ્કો વિમાની મથક ઉપર એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં ઓછામાં ઓછા બે લોકોના મોત થયાં છે અને અન્ય ૧૮૦ લોકો ઘાયલ થયા છે. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત પ્રવર્તી રહી છે. દક્ષિણ કોરિયન જેટ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તેમાં આગ ફાટી નિકળી હતી. એશિયાના એરલાઈન્સના બોઈંગ ૭૭૭ વિમાનમાં ૩૦૭ યાત્રીઓ હતા. આ વિમાન સિઓલથી ફ્લાઈટ બાદ સેનફ્રાંસિસ્કો આંતરરાષ્ટ્રીય વિમાની મથકે ઉતરાણ કરી રહ્યું હતું ત્યારે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું અને ત્યારે તેમાં આગ ફાટી નિકળી હતી. આ બનાવમાં બેના મોત થયા હતા અને અન્ય ૧૮૦ લોકો ઘાયલ થયા હતા.



ઈજાગ્રસ્તોને તરત જ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અધિકારીઓએ કહ્યું છે કે, સિઓલથી આવી પહોંચેલા આ વિમાનમાં પાછળના હિસ્સામાં આગ ફાટી નિકળી હતી. વિમાન ઉતરાણ કરી રહ્યું હતું ત્યારે આ બનાવ બન્યો હતો. ૧૦ યાત્રીઓની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે. સિઓલથી ઉડાણ ભરી ચુકેલા આ વિમાનમાં ૨૯૧ યાત્રી અને ૧૬ ક્રુ મેમ્બરો હતા. દક્ષિણ કોરીયામાં ભારતના રાજદૂત વિષ્ણુ પ્રકાશે માહિતી આપતા કહ્યુંકે, વિમાનમાં ત્રણ ભારતીય યાત્રીઓ પણ હતા. આમાંથી એકને ગળાના ભાગમાં ઈજા થઈ છે. પ્રકાશે ટ્વીટર પર જણાવ્યું છે કે, એશિયાના વિમાનમાં ત્રણ ભારતીય હતા. બેને નાની મોટી ઈજા થઈ છે. બીજી બાજુ એરલાઈન્સ કંપની એશિયાના દ્વારા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, આ વિમાનમાં ૭૭ કોરિયન, ૧૪૧ ચીની, ૬૧ અમેરિકન અને એક જાપાની નાગરીક હતા. આ ઉપરાંત ભારતના પણ ત્રણ નાગરીક હતા. આ દુર્ઘટના બાદ અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને તાત્કાલીક ધોરણે જાણ કરવામાં આવી હતી.વ્હાઈટ હાઉસ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ઓબામાને આ બનાવ અંગેની તમામ માહિતી આપવામાં આવી હતી. ઓબામાએ બનાવમાં માર્યા ગયેલા અને ઘાયલ થયેલા લોકો પ્રત્યે દુઃખ વ્યક્ત કર્યું છે. આ સમગ્ર મામલામાં તપાસનો પણ આદેશ કરવામાં આવ્યો છે. વિમાન કાટમાળમાં ફેરવાઈ ગયું હતું. મોટાભાગના યાત્રીઓ ચીની, કોરીયન અને અમેરિકી હતા. સેનફ્રાંસિસ્કોની જનરલ હોસ્પિટલમાં પાંચની હાલત ગંભીર છે. ૫૨ યાત્રીઓને ફેક્ચર થવાની અથવા દાઝી જવા બદલ સારવાર આપવામાં આવી રહી છે.

### ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

લોકો પણ ધરતી ઉપર વસે છે અને તેમનું પૂણ્ય પાસું એટલું મોટું થઇ જાય છે કે ઇશ્વર પછી તેમને સ્વર્ગમાં બોલાવીને તેમને મુક્તિ આપે છે. બીજી એક વાત ચારધામ યાત્રાએ જાવ કે દેવમંદિરો કે મસ્જિદોએ જાવ તો તમે શુદ્ધ અણિશુદ્ધ થઇને જાવ. મનમાં પાપ હોય અને આ ધરતી ઉપર રહીને જાણ્યે અજાણ્યે પાપો કરતાં હો તો તમારી પ્રાર્થના ઇશ્વર ધ્યાને નહિં લે. તમે મંદિરે જઇને પગે લાગી બે હાથ જોડી માથું નીચું નમાવીને ઇશ્વરનાં આશીર્વાદ માંગો છો તો તમે જે માથું નીચું નમાવી બે હાથ જોડી પગે લાગો છો, એ તો તમારા શરીરમાં રહેલો ઇશ્વરીય આત્માને તમે પગે લાગો છો. અર્થાત્ તમારામાં રહેલો આત્મા તમને જગાડવા પ્રયત્ન કરે છે. તમારો દેહ એ જ તમારૂં તીર્થધામ છે. મંદિર છે તો આ દેહમાં રહેલા ઇશ્વરીય આત્માના અવાજને રૂંધી નાખશો નહીં.

હા, આ ધરતી ઉપર રહીને તમે જ્યાં પણ વસો છો ત્યાં રહીને ચારધામની યાત્રા કર્યા વગર પણ તમારી ચારધામની યાત્રા ગણાશે. ઉત્તરાખંડના ચારધામોએ જવાની જરૂર નથી. છતાં જાવ તો પહેલાં ઇશ્વરની લીલાને સમજીને જશો. તમારા પાપપૂણ્યના પાસાને સરભર કરીને જશો. સરભર કર્યા વગર જશો અને જીવતા રહેશો તો એવું સમજવું નહિ કે અમારી ચારધામની યાત્રા સફળ થઇ. પણ ચારધામની યાત્રા પછી પણ જીવતા રહ્યા તો સમજવું કે તમારે હજુ પાપપૂણ્યના તમારા ખાતાને સરભર કરવા આ ધરતી ઉપર જીવતા રહેવું પડશે. તમે કેવું જીવ્યા એનું ધ્યાન ઇશ્વર રાખે છે. તમે કહેશો કે

## વિમ્બલ્ડન : ફાઈનલ મેચની ટિકિટની કિંમત ૩૧ લાખ છે

લંડન,તા. ૭

ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાઈ રહેલી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયન્શીપમાં ટેનિસનો ક્રેઝ ચરમસીમા ઉપર પહોંચ્યો છે. વિમ્બલ્ડનના ઈતિહાસમાં પ્રથમ વખત ફાઈનલ ટિકિટની કિંમત ૩૧ લાખ સુધી પહોંચી ગઈ છે. સેન્ટર કોર્ડ ઉપર રમાનારી આજની ફાઈનલ મેચ જોવા માટે ઈચ્છુક લોકોને ૩૧ લાખ રૂપિયા અથવા તો ૩૫૫૦૦ પાઉન્ડની રકમ ખર્ચ કરવી પડી હતી. જો કે જંગી



કિંમત હોવા છતાં ટેનિસ ચાહકોએ આ ટિકિટો ખરીદી હતી. ટિકિટ એજન્સીઓનું કહેવું છે કે પ્રથમ વખત આટલી જંગી કિંમત થઈ છે. આજે વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયન્શીપમાં આજે પુરુષોની ફાઈનલ મેચ નોવાક જોકોવીક અને એન્ડી મરે વચ્ચે રમાઈ હતી. ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે ગ્રાસકોર્ટ ઉપર આ ફાઈનલ મેચ રમાનારી છે. ૧૯૩૬માં ફ્રેડ પેરી બાદથી પ્રથમ વખત આટલી કિંમત થઈ છે. ગ્રાસકોર્ટ ઉપર રમાનારી વિશ્વની સૌથી મોટી ટુર્નામેન્ટ તરીકે આને ગણવામાં આવે છે. ચાર ગ્રાન્ડસ્લેમ પૈકીની વિમ્બલ્ડનને સૌથી મોટી ટુર્નામેન્ટ તરીકે ગણવામાં આવે છે. નોવાક જોકોવીક અને લોકલ હીરો એન્ડી મરે ફાઈનલમાં હોવાથી ટિકિટની કિંમત ઊંચી કિંમતે પહોંચી છે. ગયા વર્ષે પણ ફાઈનલમાં એન્ડી મરે પહોંચ્યો હતો પરંતુ તે ફેડરર સામે હારી ગયો હતો. ટિકિટ વેચનાર સંસ્થાઓનું કહેવું છે કે વિમ્બલ્ડનના ઈતિહાસમાં પ્રથમ વખત ટિકિટની કિંમત અભૂતપૂર્વ સપાટીએ પહોંચી છે. એન્ડી મરે જો આ ચેમ્પિયનશીપ જીતશે તો ટેનિસ ચાહકોના પૈસા વસૂલ થશે તેમ માનનારાઓની સંખ્યા વધુ છે. ક્યારેય પણ ટિકિટની કિંમતો આટલી ઊંચી સપાટીએ પહોંચી નથી.

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

આજનાં ફિલ્મ અને ટીવીએ પુરૂષોને બહેકાવી દીધા છે, અને એમની ખોપરીમાંથી ખોટા ખ્યાલ ભરી દીધા છે. નારીની એકસો ટકા તૈયારી ન હોય ત્યાં સુધી એની સાથે શારીરિક સંબંધ ન બાંધી શકાય. એવી સમજણ એમના દિમાગોમાં ઠાંસવાની જરૂર છે. નારીનો પ્રેમ મેળવવા માટે કેટલી બધી તપસ્યા કરવી પડે છે. એવી સમજણ આપવાની આપવાની જરૂર છે. નારીનો દેહ કોઇ પણ ધર્મસ્થાનથી કમ નથી, એવી સમજણ ઠાંસીઠાંસીને આપવાની જરૂર છે. એ માટે એ પ્રકારની ફિલ્મો અને એ પ્રકારનું સાહિત્ય રચવા પડશે.

સ્ત્રીની સતામણી, એના સ્ત્રીત્વ સાથેની છેડછાડ, એના પરના બળાત્કાર સામે કાનૂની જોગવાઇઓ તો છે, પરંતુ પુરૂષપ્રધાન પોલીસતંત્ર અને એવી જ ન્યાયવ્યવસ્થા એ કાનૂનોનો અમલ થવા દેતાં નથી એક અહેવાલ મુજબ, બળાત્કારના આરોપીઓમાંથી માંડ ત્રણ-ચાર ટકાને સજા થાય છે. સજામાંથી છટકી ગયેલા બદમાશો સૌ પ્રથમ તો એમના પર આરોપ મૂકનાર સ્ત્રી પર જ આક્રમણ કરે છે. એવા સંજોગોમાં પેદા ન થાય એ રીતની ન્યાય વ્યવસ્થા હોવી જોઇએ.

અને અંતમાં જે કાંઇ લેખો, વાર્તાઓ, કાવ્યો લખાય તે સ્ત્રીને જીવવાનું, બળ આપનાર હોવા જોઇએ. રોતલ સાહિત્ય અને રોતલ સિનેમા ઇષ્ટ પરિણામો સાધી ન શકે.

## ઋત્વિક રોશનના મસ્તકનું ઓપરેશન સફળ રહ્યું

મુંબઈ, તા. ૭

બોલીવુડના સુપ્રસિદ્ધ અભિનેતા ઋત્વિક રોશનને ઈજા પહોંચી હોવાના કારણે આજે તેના મગજનું આજે ઓપરેશન કરાશે. ઋત્વિકના પિતા તથા નિર્દેશક રાકેશ રોશને જણાવ્યુંહતું કે, આ ઓપરેશનમાં ચિંતા કરવાનું કોઈ કારણ નથી. 'ક્રિસ' ફિલ્મના ૩૯ વર્ષીય અભિનેતા સબડુરલ હેમટોમા બિમારી થી પીડાઈ છે. તેમને માથાના ભાગે ઈજા થવાથી મસ્તકની નસોમાંથી લોહી વહેવાના કારણે આ બીમારી થાય છે. અને અભિનેતા ઋત્વિક રોશન અત્યારે હિન્દુજા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અભિનેતા ઋત્વિકના પિતા અને બોલીવડુના અભિનેતા, નિર્દેશક, રાકેશ રોશને જણાવ્યું હતું કે સબરડુલ હેમટોમા બીમારીના કારણે આજે ઋત્વિના મસ્તકનું ઓપરેશન કરવામાં આવશે. અને આ એક નાનું ઓપેશન છે. હિન્દુજા હોસ્પિટલમાં આજે બપોરના ૨. વાગ્યાનો સમય ઓપરેશન માટે નિર્ધારિત કરવામાં આવ્યો હતો અને આ પહેલા જ અભિનેતા ઋત્વિક રોશને ફેસબુક પર પોતાના મસ્તકની સર્જરીની વિગતો જાહેર કરી હતી.

## સમાચાર ઝલક

- ♥ બૌદ્ધગયામાં આતંકવાદી હુમલો, બોમ્બ વિસ્ફોટથી તંત્ર એલર્ટ.
- ♥ અમદાવાદમાં બુધવારે યોજાનારી રથયાત્રાનું સર્વધર્મ લોકોનું આયોજન.
- ♥ બૌદ્ધગયાના વિસ્ફોટથી અમદાવાદમાં એલર્ટ.
- ♥ આસામમાં પૂરની ગંભીર પરિસ્થિતિ, એક લોકોને અસર.
- ♥ લાહોરમાં પણ બોમ્બ બ્લાસ્ટથી ૨નાં મોત, અનેક લોકો ઘાયલ.
- ♥ વિદ્યા બાલનને આઇફા બેસ્ટ એક્ટ્રેસનો અવોર્ડ મળ્યો.
- ♥ રાજયમાં પ્રથમવાર મહિલા મોટર વાહન ઇન્સ્પેક્ટર તરીકે નીમાયા.
- ♥ મુંબઇનાં હિંદુજા હોસ્પીટલમાં ફિલ્મ એક્ટર ઋત્વિક રોશનની બ્રેઇન સર્જની થઇ રહી છે.
- ♥ જમ્મુ-કાશ્મીર સરકારે ૩૭૦ કલમ દૂર કરતા ભાજપના રાજયમાં ઉગ્ર દેખાવો.
- ♥ પૂર્વ ભારતીય ક્રિકેટર કીર્તિ આઝાદની હિથ્રો હવાઇમથકે અટકાયત
- ♥ નકસલવાદીઓએ ફરીથી કર્મા પરિવારને ધમકી આપી.
- ♥ કૈલાસ માનસરોવર યાત્રા રદ્દ.
- ♥ દિલ્હીમાં બળાત્કારનો સીલસીલો યથાવત. નવ વર્ષની બાળકી પર દુષ્કર્મ.
- ♥ કેનેડામાં પ્લેન તૂટી પડ્યું જેમાં ૨૦ને ઇજા તથા ટ્રેનમાં આગ લાગી, ૨૦૦૦ મુસાફરોને બચાવાયા, ૧૨૦ ફાયર વાહનો કામે લાગ્યા.
- ♥ નરોડામાં લીફ્ટમાં ફસાઇ જતાં ૧૫ વર્ષીય કિશોરનું કરૂણ મોત.
- ♥ કલોલમાં અંડરપાસ ગરનાળામાં પાણી ભરાતાં નાગરિકો આંદોલનના માર્ગે.
- ♥ બૌદ્ધગયામાં બૌદ્ધ મંદિર તાત્કાલિક ખુલ્લું મુકવામાં આવશે, મંદિરને કોઇ નુકશાન થયું નથી.
- ♥ આજે સોમવતી અમાસની શ્રદ્ધાપૂર્વક ઉજવણી થશે.
- ♥ બગોદરા લૂંટમાં કરોડોની રકમ સાથે શકમંદ આરોપીની ધરપકડ.